

ગાંધીનગર શહેર ખાતે હનુમાન જયંતિ નિમિતે સુંદરકાંડના સંગીતમય પાઠ ભારતી બાપુની વ્યાસપીઠે યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં હનુમાનભકતો હાજર રહ્યા હતા અને સુંદરકાંડના પાઠનો લાભ લીધો હતો.

# રીસીપ્ટ બનાવવાનું કહેતા સુપરવાઈઝરે રીકવરી બોયને ગોળી મારી દેવાની ધમકી આપી

## ફોન પર જ ગાળાગાળી કરીને સુપરવાઈઝરે જાતિ વિષયક અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હોવાની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ ખાતે આવેલી એક ઓફિસમાં રીકવરી બોય તરીકે ફરજ બજાવતા પેથાપુરના યુવાનને તેના સુપરવાઈઝર સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. રીકવરીના રૂપીયા ઉઘરાવીને રીકવરી બોયે તેના સુપરવાઈઝરને ફોન કરીને રીસીપ્ટ બનાવવાનું કહેતા સુપરવાઈઝર ઉશ્કેરાઈ ગયો હતો અને ફોન પર જ બેફામ ગાળાગાળી કરીને જાતિ વિષયક અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હોવાની તથા રીવોલ્વરથી ગોળી મારી દેવાની ધમકી આપી હોવાની ફરીયાદ સેકટર-૭ પોલીસ મથકે નોંધાવા પામી છે. પીએસઆઈ એન.એન.શર્માએ એટ્રોસીટી એકટ તથા જાનથી મારી નાંખવાની ધમકી મુજબના ગુના હેઠળ કલમો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર સાંજરી પાર્ક વિસ્તારમાં રહેતો ૨૩ વર્ષિય યુવાન સેકટર-૧૧ માં આવેલ અભિષેક કોમ્પ્લેક્ષની એક પ્રાઈવેટ ઓફિસમાં છેલ્લા ૩ વર્ષથી રીકવરી બોય તરીકે નોકરી કરે છે. બે દિવસ પહેલા તા.૧૯ એપ્રિલના રોજ આ યુવાન નિત્યક્રમ મુજબ સવારે ઓફિસે પહોંચ્યો હતો અને ઓફિસથી ટું-વ્હીલર લોન રીકવરનું લીસ્ટ લઈને કુડાસણ-પોર વિસ્તારમાં ફીલ્ડમાં ગયો હતો. પોર ગામમાંથી રૂ.૨૩૩૦ નો હપ્તો ઉઘરાવીને આ યુવાન તેના મિત્રના ઘરે સે-૬ માં પહોંચ્યો હતો.ત્યારે તેણે આ હપ્તાની રીસીપ્ટ બનાવવા તેના સુપરવાઈઝરને ફોન કર્યો હતો. ફોન પર રીસીપ્ટ બનાવવાનું કહેતા તેના સુપરવાઈઝર એકાએક ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરીને જાતિ વિષયક અપમાનજનક શબ્દો ઉચ્ચારી "તને હવે જીવતો નહી રહેવા દઉં, રિવોલ્વરથી ગોળી મારી દઈશ" તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ મામલે રીકવરી બોયએ મોબાઈલ ફોન પર થયેલી વાતચીત અને ધમકીનું રેકોર્ડીંગ રજુ કરી સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે તટસ્થ તપાસ શરુ કરી છે.

# હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, થપ્પડથી ડર નથી લાગતો પરંતુ, થપ્પડ ખાધા પછી તમે મત ન આપો તેની બીક છે...!!

# મોદીના પ્રચાર માટે એનઆરઆઈ ગુજરાત આવ્યા પણ સંખ્યા ઓછી છે

ગાંધીનગર

વિદેશમાં વસતા ગુજરાતી પરિવારો દર વખતે ચૂંટણીના સમયે ગુજરાત આવતા હોય છે પરંતુ આ વખતે સંખ્યા ખૂબ ઓછી જોવા મળે છે. જે પરિવારો આવ્યા છે તેઓ તેમના ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ચૂંટણી પ્રચારના કામમાં લાગી ગયા છે. આ પરિવારો માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રચાર કરી રહ્યાં છે, કોંગ્રેસનો પ્રચાર કરતા નથી.




સૂત્રો કહે છે કે ૧૦૦૦ જેટલા એનઆરઆઈ રાજ્યના વિવિધ વિભાગોમાં ચૂંટણી પ્રચારના કાર્યમાં છે. સબકા સાથ, સબકા વિકાસ અને ફિર એક બાર મોદી સરકાર જેવા ટીશર્ટ પહેરીને તેઓ મોદીનો પ્રચાર કરે છે. ગામડાઓમાં તેઓ લોકો સાથે બેઠકો કરીને ભાજપના ઉમેદવારને વિજયી બનાવવા માટે સમજાવે છે.

શિકાગોમાં આઈટી કંપની ચલાવતો ૨૯ વર્ષનો નિરવ પટેલ ચૂંટણી પ્રચાર કરી રહ્યો છે. તે ૧૦ દિવસ માટે ગુજરાત આવ્યો છે. તે કહે છે કે હું માત્ર લોકસભાની ચૂંટણીમાં મોદીને મત આપવા માટે આવ્યો છું. તેણે કહ્યું કે મેં ભાજપની છબી બદલાતી જોઈ છે. વડાપ્રધાન મોદી એ ભારતના વિશ્વ નેતા છે. અમે ઈચ્છીએ છીએ કે તેઓ ફરીથી વડાપ્રધાન બને.

યુગાન્ડાના કંપાલામાં વ્યવસાય કરતા ૭૩ વર્ષના નરેન મહેતા કહે છે કે તેઓ નરેન્દ્ર મોદીના કેટલાક નિર્ણયોથી પ્રભાવિત છે. ખાસ કરીને સ્વચ્છ ભારત યોજના મને પસંદ પડી છે. શિકાગોના ૮૨ વર્ષના ડોક્ટર ઈન્દ્રવદન પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ફાળો આપ્યો છે. કલોલ પાસે રહેતા આ એનઆરઆઈ ચૂંટણી પ્રચાર માટે ખેડા, મહેસાણા અને ગાંધીનગરમાં ગયા છે.

મોદીના સમર્થન માટે બાઈક રેલી આયોજિત કરવા ઉપરાંત ચાય પે ચર્ચા સુધીના આયોજનમાં કેનેડામાં રહેતા નરેશ ચાવડા મોદી માટે વિદેશોમાં પ્રચાર કરી રહ્યાં છે. બોસ્ટનની એક એનઆરઆઈ અનાર મહેતા કહે છે કે તે મહિલાઓની સશક્તિકરણની યોજનાથી ખૂબ પ્રભાવિત છે. એ ઉપરાંત બેટી બચાવો અભિયાન અને સ્ટાર્ટઅપ પહેલ તેને ગમે છે તેથી તે મોદીની ફેન છે. તે મોદીના પ્રચાર માટે ગુજરાત આવી છે.

મોદીને લોકસભા ચૂંટણીમાં મત આપવા અને મત અપાવવા એનઆરઆઈ પરિવારો ગુજરાતમાં આવ્યા છે પરંતુ તેની સંખ્યા ખૂબ ઓછી છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ૮૦૦૦ થી વધુ એનઆરઆઈ સભ્યો મોદીના પ્રચાર માટે ગુજરાત આવ્યા હતા પરંતુ આ વખતે માત્ર ૧૦૦૦ લોકો જ આવ્યા છે.



# શનિવારે રાત્રે ચ-૩ નજીક કારની ટક્કરથી ગાયને ગંભીર ઈજા

## ટક્કર માર્યા બાદ કારચાલક ઘટનાસ્થળેથી રફુચક્કર : સેવાભાવી યુવાનોએ મોડી રાત્રિ સુધી જહેમત ઉઠાવી ગાયને પ્રાથમિક સારવાર અપાવી

ગાંધીનગરમાં ચ-૩ સર્કલથી પથિકાશ્રમ તરફ જવાના માર્ગ નં. ૩ પર સેક્ટર-૧૧માં પ્રવેશવાના 'કટ' પાસે મોડી રાત્રિએ એક કારચાલકે એક ગાયને જોરદાર ટક્કર મારતા ગાય હવામાં અંદાજે સાતેક ફુટ ઉછળી રોડ પર પટકાઈ હતી. આ અકસ્માતને પગલે ગાયનો આગળનો ડાબો પગ તુટી જવા પામ્યો હતો જ્યારે કારને પણ નુકશાન થયુ હોવા છતાં કારચાલક ઘટના સ્થળેથી રફુચક્કર થઈ ગયો હતો. દર્દથી કણસતી ગાયને રાત્રિના સમયે રોડ પર એકઠાં થયેલા કેટલાક જીવદયાપ્રેમી જાગૃત યુવાનો દ્વારા સારવાર અપાવવા ઉપરાંત તેના માલિકને શોધી ગાયને સોંપવામાં આવી હતી.

શનિવારની રાત્રિએ બરાબર અગિયાર વાગ્યાના સુમારે સર્જાયેલા આ અકસ્માતમાં કારચાલક તો નાસી છુટ્યો હતો પરંતુ તેની પાછળ આવતા કેટલાક બાઈક ચાલક યુવાનોએ પોતાની બાઈક થોભાવી ગાયને પ્રાથમિક સારવાર આપવા પ્રયાસ કર્યો હતો. જોકે રાત્રિના સમયે સરકારે શરૂ કરેલ કરૂણા અભિયાનથી માંડીને શહેરની વિવિધ જીવદયા સંસ્થા, પશુઓ માટેના તબીબો તેમજ એનિમલ હેલ્પલાઈન વગેરેનો સંપર્ક સાધવા છતાં મોડે સુધી કોઈ મદદ પ્રાપ્ત થઈ શકી નહોતી. આ દરમ્યાન



સેવાભાવી યુવાનો દ્વારા ગાયને સેક્ટર-૮ તરફની ફુટપાટ તરફ સલામત સ્થળે ખસેડી હતી. ગાયને શરીરના ભાગે અસંખ્ય ઈજાઓ થવા ઉપરાંત તેના આગળના ડાબા પગે ફ્રેક્ચર હોવાથી ઉભી થઈ શકતી નહોતી અને મોડી રાત્રિએ અંદાજે સાડા બાર વાગ્યાના સુમારે શહેરમાં રહેતા અને જિલ્લાના અંતરિયાળ ગામમાં વેટરનરી ડૉક્ટરની સેવા આપતા તબીબનો સંપર્ક થતાં તેમણે આવીને ગાયને પ્રાથમિક સારવાર આપી હતી. આ દરમ્યાન યુવાનોએ સતત પ્રયત્નો કરી ગાયના માલિકને શોધી કાઢ્યો હતો જે મોડી રાત્રિએ ઘટના સ્થળે આવ્યો હતો. આ સાથે યુવાનોએ એક સેવાભાવી લોડીંગ રીક્ષાચાલક રમેશભાઈની મદદથી ગાયને વાવોલ ખાતેના એક સલામત વાડામાં પહોંચાડવાની વ્યવસ્થા કરી તેના માલિક પાસે બીજા દિવસે ગાયની યોગ્ય સારવાર કરાવવાની હૈયાધારણ પ્રાપ્ત કરી હતી. રાત્રિના દોઢેક વાગ્યા સુધી ચાલેલી આ ઘટનામાં વાવોલના સેવાભાવી જીવદયાપ્રેમી યુવાન પંકજ જાદવે સક્રિય ભૂમિકા ભજવી હતી જેને ઘટનાસ્થળે ઉપસ્થિત અન્ય નાગરિકોએ બિરદાવી હતી.

# ચિલોડામાં બહુચર માતાજીનો ચૌદમો પાટોત્સવ ઉજવાયો

ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વારે આવેલા બહુચરમાતાજીનો ચૌદમો પાટોત્સવની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માતાજીનો હવનનું આયોજન કરાયું હતું. ગામના શાસ્ત્રીજી મહારાજ રાજેન્દ્રભાઈ રાવલ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે હવનમાં શ્રીફળહોમ વખતે ભાવિક માઈભક્તો ઉપસ્થિત રહીને ધાર્મિક પ્રસંગનો લાભ લીધો હતો. આ પ્રસંગે રાત્રે ગામની કૃષ્ણભજન મંડળ જનક મહિલા ભજન મંડળ દ્વારા ભજન-સત્સંગનો કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણી બિમાર પડ્યા, મોદી સાથે પણ જઈ ન શક્યા

ગાંધીનગર

ચૂંટણી એ રાજકીય નેતાઓને પરસેવો તો પડાવે છે પરંતુ બિમાર પણ પાડી દેતી હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી વખતે એટલી બધી જનસભાઓ કરી હતી કે ચૂંટણીના છેલ્લા તબક્કામાં તો તેમનો અવાજ નિકળતો ન હતો. ડોક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી હતી.

હવે ગુજરાતના મુખ્મમંત્રી વિજય રૂપાણી પણ બિમાર પડ્યા છે. તેમણે તેમની જનસભાઓ રદ કરી દીધી છે. લોકસભાની ચૂંટણીમાં રાજ્યના સ્ટાર પ્રચારક એવા રૂપાણીએ એટલી બધી જનસભાઓ કરી છે તેની અસર તેમની તબિયત પર પડી છે. ઉનાળાની ગરમીના કારણે તેઓ બિમાર પડ્યા છે.

મુખ્યમંત્રી શનિવારે સુરેન્દ્રનગરના ચૂંટણી પ્રવાસ દરમ્યાન બિમાર થઈ જતાં તેઓ બીજા કાર્યક્રમોમાં ભાગ લઈ શક્યા ન હતા. તેમણે રવિવારના તમામ કાર્યક્રમો રદ કરી દીધા છે. ભારતના વડાપ્રધાન ચૂંટણીના અંતિમ તબક્કામાં પાટણમાં જનસભા સંબોધવા આવ્યા હતા પરંતુ તેમાં મુખ્યમંત્રી હાજર રહી શક્યા ન હતા. ડોક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી હતી.

આ પહેલાં પણ મુખ્યમંત્રી રાજકોટ ગયા હતા ત્યારે તબિયત બગડતાં તેમનો ચૂંટણી પ્રવાસ કાર્યક્રમ રદ કરવો પડ્યો હતો. મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં તેઓ પણ બિમાર પડી જતા હતા પરંતુ તેમની સભાઓ તેઓ ચાલુ રાખતા હતા. અવાજ નિકળે નહીં છતાં તેઓ ચૂંટણી સભાઓને સંબોધન કરતા હતા.

ગુજરાતમાં મુખ્યમંત્રી રૂપાણીએ સૌથી વધુ સભાઓ સંબોધી છે. તેઓ અવિરત સભાઓ સંબોધતા હતા તેથી તેમને ગરમીની અસર થઈ છે. મોદીની પાટણની સભામાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. ડોક્ટરોએ રૂપાણીને આરામ કરવાની સલાહ આપી છે. મોદી પાટણ પછી રાજસ્થાનના ચૂંટણી પ્રવાસે ગયા હતા. નરેન્દ્ર મોદી ૨૨મી એપ્રિલે સાંજે અમદાવાદ આવશે અને ૨૩મીએ મતદાન કરીને દિલ્હી પાછા જતા રહેશે.

# કોઈ પૂર્વ મુખ્યમંત્રી લોકસભા લડતા નથી પરંતુ બે નેતાના પુત્રો મેદાનમાં છે

ગાંધીનગર

ગુજરાતના કોઈ પૂર્વ મુખ્યમંત્રી લોકસભાની ચૂંટણી લડતા નથી પરંતુ બે પૂર્વ મુખ્યમંત્રીના નેતા પુત્ર લોકસભાની ચૂંટણી લડી રહ્યાં છે. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પુત્ર ભરત સોલંકી આણંદ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યાં છે જ્યારે પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ અમરસિંહ ચૌધરીના નેતા પુત્ર તુષાર ચૌધરી મેદાનમાં છે.





ગુજરાતમાં પૂર્વ મુખ્યમંત્રીઓમાં માધવસિંહ સોલંકી, સુરેશ મહેતા, દિલીપ પરીખ, આનંદીબેન પટેલ અને શંકરસિંહ વાઘેલાના પરિવારના સભ્યો પૈકી એકમાત્ર માધવસિંહના પુત્ર ભરત સોલંકી લોકસભાની ચૂંટણી લડે છે. આ વખતની લોકસભા ચૂંટણીમાં એનસીપીના નેતા હોવા છતાં શંકરસિંહ વાઘેલા કે તેમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા લોકસભાની ચૂંટણી લડી રહ્યાં નથી. એ ઉપરાંત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ ચીમનભાઈ પટેલના પુત્ર સિદ્ધાર્થ પટેલ લોકસભાની ચૂંટણી લડી રહ્યાં નથી.

ગુજરાતમાં નેતાપુત્રોની બન્ને બેઠકો સલામત હોવાનો કોંગ્રેસ દાવો કરે છે પરંતુ આણંદ અને બારડોલીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુકાબલો છે. ભાજપનો દાવો છે કે અમે આ બન્ને નેતાપુત્રને હરાવીશું જ્યારે કોંગ્રેસ કહે છે કે આ બન્ને બેઠકો અમારા ઉમેદવાર માટે સલામત છે. ૨૩મી એપ્રિલે મતદાન થશે ત્યારે આ બન્ને નેતા પુત્રનું પાણી મપાઈ જશે.

આણંદ લોકસભાની બેઠક કોંગ્રેસ માટે ગઢ હતો પરંતુ છેલ્લી ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવારો આ બેઠક પરથી વિજેતા થાય છે. એટલે ભરતસિંહ સોલંકી માટે જીત આસાન નથી. બીજી તરફ બારડોલી લોકસભા બેઠક પર તુષાર ચૌધરી અગાઉ ચૂંટણી જીતીને યુપીએ સરકારમાં મંત્રી બન્યા હતા. આ વખતે તેઓ લોકસભાની ચૂંટણી લડી રહ્યાં છે તે વિસ્તારમાં આદિવાસી મતદારો નિર્ણાયક છે. જો કે ભાજપના ઉમેદવાર પણ મજબૂત હોવાથી તેમની જીત આસાન નથી.

ભાજપે આણંદની બેઠક પર દિલીપ પટેલને ટિકીટ આપી નથી પરંતુ તેમના સ્થાને મિતેષ પટેલને ઉમેદવારી કરાવી છે જ્યારે બારડોલીની બેઠક પર તુષાર ચૌધરી સામે ભાજપના ઉમેદવાર પ્રભુ વસાવા છે. આ બન્ને બેઠકો પર ૨૦૧૪માં કોંગ્રેસના ઉમેદવારો હારી ગયા હતા પરંતુ આ વખતે બન્ને બેઠકોમાં કોંગ્રેસ વધારે મહેતન કરી રહી છે. તુષાર ચૌધરીની જેમ ભરતસિંહ સોલંકી પણ આણંદ બેઠક પરથી ચૂંટણીમાં જીતીને યુપીએ સરકારમાં મંત્રી બન્યા હતા.

ખેડૂતોને મળશે
પાકનું
યોગ્ય મૂલ્ય



ઘણા વર્ષો પહેલા જવાહરલાલ નહેરુએ કહ્યું હતું કે " દરેક વસ્તુ માટે રાહ જોઈ શકાય છે, પરંતુ ખેતી માટે નહીં" અને આ વાક્ય અમારી યોજનાઓ માટેની આધારશિલા છે. છેલ્લા 5 વર્ષોમાં કૃષિ ક્ષેત્ર ભયંકર અને ગંભીર કટોકટી માથી પસાર થઈ રહ્યું છે. કોંગ્રેસે આ દુઃખી ખેડૂતોની વાચા સાંભળી છે અને તેઓને સમર્થન આપવા માટે એક યોજના તૈયાર કરી છે. કોંગ્રેસ પાકની ઉપજ માટે યોગ્ય ભાવ આપવા અને અલગ વાર્ષિક કૃષિ બજેટ ફાળવવા માટે વચન આપે છે જેથી આ ક્ષેત્ર ને આપવામાં આવતા ફંડ માટે પારદર્શકતા જાળવી શકાય.

અમે માત્ર ઋણ માફી અથવા લોન માફ કરવા સુધી જ સીમિત રહીશું નહીં પરંતુ લાભદાયી ભાવો, ઓછા ઉત્પાદન ખર્ચ, અને સંસ્થાકીય ઋણ ની ખાતરીપૂર્વકની ઉપલબ્ધતા જેવા પગલાઓના સંયોજન સાથે અમે આપણાં ખેડૂતોને સ્વનિર્ભર બનાવીશું.

જ્યાં સુધી આપણાં ખેડૂતો ઋણ માથી મુક્ત ન થાય ત્યાં સુધી તેઓને આપણે ન્યાય આપી શકીશું નહીં.

હવે મળશે ન્યાય
કોંગ્રેસ

Published by All India Congress Committee, 24 Akbar Road, New Delhi-110011